## મન:શાંતિ અને પાપનાશક

# 'શ્રી ગંગા દશહરા વ્રત'

ધર્મ દર્શન

બાળકૃષ્ણ વડનેરે

માતાજીના ઉપાસના વ્રતોમાં આસવ નવરાત્રી, ચૈત્ર નવરાત્રી જેવા વ્રતોમાં નવ દિવસના પારણા ઉપવાસ, હોમ-હવન આદિ નિયમોનું પાલન થાય છે અને નવરાત્રી ઉત્સવોની ઉજવણી થાય છે અને માતાજીની કૃપા પ્રાપ્તિથી પરિવાર સુખમાં વધારો થાય જ છે, પણ આધ્યાત્મિક ઉન્નતિ માટે મહત્વના વ્રતોમાં ગંગા દશહરા વ્રતનો ઉલ્લેખ મહત્વપૂર્ણ છે. શું છે આ ગંગા દશહરા વ્રત? તેની માહિતી જાણીએ. આપણું રોજનું સ્નાન શરીર શુદ્ધિ માટે હોય છે અને તે રોજ કરવામાં આવે છે.

નરદેહ પ્રાપ્ત થયેલ માણસ એક સૌભાગ્ય સંપન્ન જીવ છે. તેના આયુષ્યમાં સતત પુણ્યનો લાભ થાય એવી જ સૃષ્ટિકર્તાની ઈચ્છા હોય છે. પણ મનુષ્ય જીવ અનેક પાપોથી કલંકિત બની જાય છે. જાણતા અજાણતામાં મનુષ્યથી અનેક પાપકર્મ થઈ જતાં હોય છે. તેવા અનેક પાપોનું નિર્મુલન કરવાની ઉપાય યોજના શાસ્ત્રકારોએ કરી છે. તેમાં ગંગા-દશહરા વ્રતનો સમાવેશ છે. તે પાપનો નાશ કરવાનું વ્રત છે.

આ દશહરા વ્રત જેઠ સુદ એકમથી જેઠ સુદ દશમ સુધી સમય મર્યાદિત છે. રોજ સૂર્યોદય પૂર્વે સ્નાન આટોપીને ગંગાજલ પૂજન કરવાની પ્રથા છે. બહુતાંશ લોકો કાશી ક્ષેત્રમાં જઈને કે જ્યાં ગંગાજીનો પ્રવાહ વહે તે સ્થાન પર ગંગાપૂજન અને સ્નાન કરે છે.


કોઈ પણ નદીના કિનારે જઈને આ વ્રત કરી શકાય છે. તે નદીનું જલ ગંગાજલ છે એમ ધારીને નદી સ્નાન અને પૂજન કરાય છે. 'ગંગે ચ યમુને ચૈવ ગોદાવરી સરસ્વતી નર્મદે સિંધુ કાવેરિ જલેઽ સ્મિન સન્નિધિં કુરુ ॥' આ મંત્ર બોલીને પાણીમાં ડુબકી લગાવવી, અથવા દસ લોટા પાણી શરીર પર રેડવું. પછી ગંગાપૂજન કરવું, આરતી ઉતારવી.

નદી કે કોઈ જલ પ્રવાહ પર જવાની વ્યવસ્થા ન હોય તો પોતાના ઘરમાં જ શીતોષ્ણ (થોડું ગરમ કરેલું પાણી) પાણી લોટામાં ભરીને પાંચ આમ્રપર્ણ સાથે નારિયેલ મૂકીને લોટામાં ગંગાજલ છે એ ભાવના રાખીને પાટલા પર કલશ અને ચોખાના ઢગલા પર સોપારી મૂકીને ગંગા-ગણપતિની સ્થાપના કરવી અને પ્રથમ સૂર્યોદય પૂર્વે સ્નાન કરીને ગંગા-ગણપતિની પૂજા કરવી.

દશહરા વ્રતના સંકલ્પથી દસ પ્રકારના પાપોનો નાશ થાય છે. કાયિક પાપો - માલિકને પુછ્યા વગર કોઈપણ વસ્તુ લઈ લેવી. (કોઈ વસ્તુની ચોરી કરવી) પ્રાણી પક્ષીઓની હિંસા કરવી., કુકર્મ ભાવનાથી પરસ્ત્રીને વશ કરવાની ક્રિયા કરવી. આ ત્રિવિધ કાયિક પાપો છે. જે જાણતા અજાણતા માણસ કરે છે,

કઠોર કટુતાથી બોલવું, ખોટી વાતો કરવી, એકની ગુપ્ત વાત બીજાને કરવી, અર્થહીન - નિરર્થક વાતોનો ડુંગર કરવો આ ચાર પ્રકારના વાચિક પાપો છે. પારકાના ધનની અભિલાષા રાખવી, મનથી બીજાનું અહિત, અનિષ્ટ ચિંતન કરવું અને અયોગ્ય ગેર બાબતોનો આગ્રહ ધરવો આ ત્રણ માનસિક પાપો છે. એમ આ દસ પ્રકારના પાપો છે.

ત્યારે આવા દશવિધ પાપોનો વિચાર કરવો પણ આધ્યાત્મિક ઉન્નતિનું પ્રથમ પગથિયું છે અને એ પાપો માટેનો પશ્ચાતાપ, પ્રાયશ્ચિત્ત, શાસન, પરિમાર્જન આ આગળના પગથિયા છે. દશહરા વ્રત આમ પાપોનું પંચ વિધિ પરિશીલન અને પરિહાર કરવાનું વ્રત છે એવું જ કહેવાય. પરિવારના અનેક સભ્યો એકત્ર આવીને પણ દશહરા વ્રત કરી શકે છે. પરિવારમાંથી વડીલ વ્યક્તિ જલકલશ પૂજન અને ગણેશ પૂજન કરે અને બીજા સભ્યો એમના જમણી બાજુએ બેસીને એમને સ્પર્શ કરીને બધા એક-બીજાને જમણી બાજુએ સ્પર્શ કરીને પૂજનમા સામેલ થવાય છે પણ સ્નાન તો સૂર્યોદય પૂર્વે જ કરવાનું ફલદાયક છે, દસ દિવસ સુધી શ્રી ગંગાસ્તુતિનું વાંચન પણ કરાય. રાજા ભગીરથના તપથી સ્વર્ગમાંથી વિષ્ણુના પદપદ્મથી નિકળેલી ગંગાધારા પૃથ્વી પર બિરાજમાન થઈને વહેતી થઈ. ગંગાજીનું જળ શુદ્ધ, સાત્વિક, પવિત્ર અને રોગનિવારક છે ગંગાજળ કોઈ દિવસ વાસી થતું નથી કાચના વાસણમાં રાખવાથી જલમાં જીવ જંતુ કીડા થતા નથી. ગંગાજળ સદૈવ તાજું અને પ્રભુપ્રિય છે. 'ગંગાયૈ નમઃ' આ ગંગામંત્ર ફલદાયી, મોક્ષદાયી અને ઉપકારક મંત્ર છે. ગંગાપૂજન થયા પછી અને 'અનેન દશહરા વ્રતાખ્યેન કર્મણા ભગવાન શ્રી પરમેશ્વરઃ પ્રીયતાન ॥ એમ બોલીને જમણા હાથમાં ચમચી પાણી લઈને થાળીમાં છોડવું, ગંગાયૈ નમઃ'



**ગંગા મંત્ર**

**નમો ભગવત્યૈ દશપાપહરાયૈ**
**ગંગાયૈ નારાયણ્યૈ રેવત્યૈ શિવાયૈ**
**દક્ષાયૈ અમૃતાયૈ વિશ્વરૂપિણ્યૈ**
**નન્દિન્યૈ નમો નમઃ ॥**

> **મનુષ્ય જીવ અનેક પાપોથી કલંકિત બની જાય છે. જાણતા અજાણતામાં મનુષ્યથી અનેક પાપકર્મ થઈ જતાં હોય છે. તેવા અનેક પાપોનું નિર્મૂલન કરવાની ઉપાય યોજના શાસ્ત્રકારોએ કરી છે. તેમાં ગંગા-દશહરા વ્રતનો સમાવેશ છે**

---

# કર્મણ્યે વાધિકારસ્તે



પંચામૃત

નીલાક્ષી પરીખ

મિત્રો, પૂ. ગુરુદેવની કૃપાથી આજે મારે વાત કરવી છે. કર્મની. સૌ પ્રથમ આપણે ક્રિયા અને કર્મના ભેદને સમજીએ. ક્રિયા સહજ રીતે, નિરંતર, કુદરતી રીતે થયા કરે એમાં પ્રયત્ન કરવો પડતો નથી. કરવી ન પડે સ્વાભાવિક રૂપે થાય. દા.ત. હૃદયનું ધડકવું, શ્વાસનું અવિરત ચાલવું, લોહીનું પરિભ્રમણ થવું આ બધી ક્રિયાઓ છે અને સહજરૂપે થાય છે. પણ કર્મ આપણે કરીએ છીએ અને તેનું આપણને બંધન થાય માટે સજાગ રહીને કર્મ કરવાના. આજે વાત કરવી છે ગીતાજીના ખૂબ જ પ્રસિદ્ધ શ્લોકની. 'કર્મણ્યે વાધિકારસ્તે મા ફૂલેષુ કદાચન' ક્ષેત્ર એટલે શું? ગીતા જ કહે- 'ઈદં શરીરં કૌન્તેય ક્ષેત્રમિત્યભિધીયતે' હૈ કૌન્તેય! આ જે શરીર છે તે જ ક્ષેત્ર છે ક્ષેત્ર એટલે આપણી ભાષામાં ખેતર-ખેતર ખેડીને વાવણી કરીએ તેમ આ શરીર ખેતર છે તો જે જે કર્મ કરીએ તે ખેતી થઈને? જન્મ્યા ત્યારે રડવાનું શરૂ કર્યું. ત્યારથી જ ખેતી શરૂ ગઈ. આપણું એક એક કર્મ શું છે? ખેતરમાં વવાતા બીજ જે વાવશો તે જ લણશો. સાથે એ પણ યાદ રાખવાનું છેકે જે વાવશો તે અનેક ગણું થઈને મળશે. જો સારું વાવશો તો અનેક ગણું સારું થઈને મળશે. ખોટું વાવશો તો પણ એનું પરિણામ અનેક ગણું થઈને મળશે. માટે સાવધાન! પૂ. ડોંગરેબાપજી કહેતાં કે- માણસ હસતાં-હસતાં પાપ કરે અને રડતાં રડતાં ભોગવે'' તેથી જ કર્મ કરતાં સજાગ રહેવાનું છે સંતો માર્ગદર્શન અને ચેતવણી આપતા કહે કે (1) જેવી કરો છો કરણી તેવી તરત ફળે છે.

બદલો ભલા બુરાનો અહીંનો અહી મળે છે'' ''મેરે દાતા કે દરબારને સબ લોગો કા ખાતા, જો ભી જૈસી કરની કરતા વૈસા હી ફલ પાતા.'' હવે જેનું ખેતર હોય એ નક્કી કરેને કે શું વાવવું? મનુષ્યને કર્મ કરવાનો અધિકાર છે, મનુષ્યે કેવા કર્મ કરવાને સ્વયં નક્કી કરવાનું છે. 'કર્મણ્યે વાધિકારસ્તે મા ફૂલેષુ કદાચન'' અર્થાત કર્મ કરવામાં તું સ્વતંત્ર છે, એના ફળમાં નહીં. ઘઉં વાવીએ ને બજારમાં મગફળીના ભાવ વધુ છે. તે ઉગે એવું ઈચ્છીએ તો થોડું શક્ય બને? શ્લોકમાં અધિકારનો અર્થ છે- સ્વતંત્રતા, તું જેવુ કર્મ કરશે તેવું ફળ મળશે. એ ભોગવવા તું બંધાયેલો છે, બાધ્ય છે. આગળ કહ્યું છે- ''મા કર્મફલ હેતુ ર્ભૂઃ'' માત્ર ફળની લાલસાને લઈને કર્મ ન કર. માણસ તરત કહે કે ફળ ન મળે તો કર્મ કેમ કરવાનું? શું કરવાનું? આસક્તિ ઉપદ્રવ કરે- ફલાસક્તિ. લોકો કહે- કર્મફળની ચિંતા વગર કર્મ કરવાનું તો મોટીવેશનલ ફોર્સ શું? મોટી વેશનલ ફોર્સ છે- પ્રેમ, ભક્તિ. ફળની આસક્તિ કેમ નહીં? તો જવાબ છે- કર્મ કરીએ એટલે નિશ્ચિતરૂપે ફળ તો મળશે જ. કેમ કે કર્મ ફળ આપ્યા વગર શાંત થતું નથી. આપણે અગ્નિમાં હાથ નાંખીએ અને કહીએ અગ્નિદેવ મને જલાવશો નહી. તો એવું થશે? ઝેર પી લઈએ અને ન મરીએ એવું વિચારીએ તો શું એ શક્ય છે? ના, કર્મ ફળ આપશે જ. અરે! નિષ્કામ કર્મનું પણ ફળ મળે જ. વળી એનું જે ફળ મળશે તે ખૂબ શ્રેષ્ઠ અને દિવ્ય હશે. જુઓ, આપણે પૂજા અને યજ્ઞ કરીને અંતે શ્રી હરિને, ભગવાનને સમર્પિત નથી કરી દેતા? ''કાયેન વાચા... નારાયણાય ઈતિ સમર્પયામિ'' તમે ધરતીમાં દાણા વાવો, સમર્પિત કરો. ખેડૂતને બળદ મદદ કરે. પછી બળદને સાથે લઈને ખેતરમાં જમીન જોતરવી, વાવણી કરવામાં આવે. તમારા બળદ સતત તમારી સાથે છે વૃષભ-બળદ એટલે કે ધર્મ, દરેક જગ્યાએ ધર્મને સાથે રાખો. દરેક કાર્ય ધર્મરૂપ હોય. પછી જેમ ધરતી આપણા બીજનું અનેક ગણું કરીને નથી આપતી? તે જ રીતે વિશ્વરૂપ પરમાત્માને આપણે બધા કર્મ સમર્પિત કરી દઈએ તો એનું પરિણામ અદભૂત હશે. રામાયણમાં કેવરની કથા આવે. કેવટ રામજીને ગંગાપાર કરાવે. રામને સંકેચ થાય મેં આને કંઈ ન આપ્યું? સીતાજી સમજી ગયા વગર કહ્યે અને એમણે પોતાના હાથની અંગુઠી ઉતારી. મૂલ્યવાન અંગૂઠી પ્રભુને આપીને કહ્યું- આપ પોતાને હાથે ઉતરાય આપોય. રામજી અંગૂઠી આપવા ગયા તો 'કેવટ ચરણ ગહે અકુલાઈ' કેવટે ભગવાનના બંને ચરણ પકડી લીધા! કેમ? કહે કેવટ- પ્રભુ, આ અંગૂઠી જાણે માછલી પકડવાની જાળ છે. માછીમાર માછલી પકડવા પાણીમાં જાળ ફેંકે ફેલા જાય જાળ. દૂરની માછલી જાળમાં ફસી જાય પણ માછીમારના ચરણની આસપાસ ફરતી માછલી એ જાળમાં ન ફસે. આ માયાની જાળ ફેલાઈ છે. કેવટ ભગવાનના ચરણને પકડી લે છે. ભગવાનનું વચન છે જે મારી શરણમાં આવે, રહે એ માયાની પકડમાં ન આવે. કેવટ કહે- ''નાય! આજ મૈં કાહૂ ન પાવા'' આજે મને શું નથી મળ્યું! મારા દોષ, દારિદ્રય બધુ જ મળ્યું. જિંદગીભર મેં મજૂરી કરી પણ આજ જેવી ઉતરાય મને નથી મળી. પ્રભુ કહે- અરે! મેં તને કઈ આપ્યું નથી તે મારી પાસે કંઈ લીધું નથી તને શું મળ્યું? કહે કેવટ- સંતોષ એવો તો સંતોષ મળ્યો કે કહે છે- . બાકી તો ગમે તેટલું કમાઈએ છતાં દરિદ્ર જ છીએ. દરિદ્ર કોણ? જેની તૃષ્ણા વિશાળ છે. વારંવાર ભગવાન રામે, સીતાજીએ, લક્ષ્મણજીએ પણ અનુરોધ કર્યો કે- લઈ લે, ભાઈ. કેવટ કહે- ન લઈ શકું. આપના પિતાના સોગંદ ખાધા છે. કેવટે કંઈ ન લીધુ મતલબ એની નિષ્કામ એવા ફળની આસક્તિ નહી. જો કોઈ પ્રશ્ન કરે કે- કર્મ ફળ આપ્યા વગર શાંત ન થાય તો જે નિષ્ઠામ કર્મ કરે એનું ફળ શું? એનો જવાબ છે- કેવટ પ્રકરણ નિષ્કામ કરમનું ફળ શું? ''કેવટને કુછ લિયા નહી. લેકિન ભગવાનને ઉસે ખાલી હાથ જાને દિયા નહી'' કેવટ કી ઝોલી ભર ગઈ. શેનાથી? વિમલ ભક્તિનું વરદાન આપી ભગવાને એને વિદાય કર્યો! પ્રભુ પ્રેમ ભગવાન કૃપા કરે તો જ પ્રાપ્ત થાય. તો હવે સમજાયું ને કર્મ કરતી વખતે સાવધાન રહીએ, ફલાસક્તિમાં ન ફસાઈએ. નિષ્કામ કર્મ કરી પ્રભુ પ્રેમના અધિકારી બનીએ.

(ગુરુવર્ય પૂ. શ્રી રમેશભાઈ ઓઝા (પૂ.ભાઈશ્રી) ના સત્સંગને આધારે)

> **પછી જેમ ધરતી આપણા બીજનું અનેક ગણું કરીને નથી આપતી? તે જ રીતે વિશ્વરૂપ પરમાત્માને આપણે બધા કર્મ સમર્પિત કરી દઈએ તો એનું પરિણામ અદભુત હશે**